**ગાંધીનગર તાપમાન**

મહત્તમ : ૩૮.૫ ડીગ્રી
લઘુતમ : ૨૭.૦ ડીગ્રી
ભેજ
સવારે ૬૯ ટકા ● સાંજે ૪૪ ટકા

# શહેરના માર્ગો પર ઠેર ઠેર કેસર કેરીનું વેચાણ

## કેસર કેરીનો ઢગલાબંધ માલ બજારોમાં ઠલવાયો : માલ ઓછો હોવાથી ભાવ હજુ ઉંચા











ગાંધીનગર, તા.૪

જૂન મહિનાની શરૂઆતમાં કેસર કેરી બજારોમાં ઠલવાઈ રહી છે. શહેરના માર્ગો પર ઠેર ઠેર કેસર કેરીના બોકસનું ખૂબ વેચાણ થઈ રહ્યું છે. વાવાઝોડાના કારણે આ વખતે કેરીને ખૂબ નુકશાન થયું હોવાથી ભાવ હજુ ઉંચા છે. દરેક વેચાણકેન્દ્રો પર અલગ અલગ ભાવ છે. ૯ કિલોના પેકીંગના ૬૦૦ થી ૯૦૦ સુધીના ભાવ ચાલે છે.

કેસર કેરીની સિઝન હવે પૂર્ણ થવાને આરે છે. કેરીનો માલ હવે લગભગ બધો જ બજારોમાં ઠલવાઈ ગયો છે. કોરોનાના કેસો ઓછા થતાં હવે વેપાર વધ્યો છે. કેરીના બોકસ શહેરમાં ઠલવાઈ રહ્યા છે. શાકમાર્કેટ ઉપરાંત છૂટક વેપારીઓ શહેરના મુખ્ય માર્ગોની આસપાસ જયાં નજર કરો ત્યાં કેસર કેરીનું વેચાણ થતું જોવા મળે છે. વાવાઝોડાના કારણે કેરીના પાકને આ વખતે ઘણું નુકશાન થયું છે. જેના કારણે આ વર્ષે માલ ખૂબ ઓછો છે. માલ ઓછો હોવાથી સ્વાભાવિક રીતે જ ભાવ ઉંચો છે. કાચી-પાકી કેસર કેરીના બોકસ હાલમાં ૬૦૦ થી ૭૦૦ રૂ.ના ભાવે વેચાઈ રહ્યા છે. વેપારીઓના જણાવ્યા અનુસાર સૌરાષ્ટ્રની કેસર કેરીનો આ છેલ્લો ફાલ છે જે હાલમાં બજારોમાં વેચાઈ રહ્યો છે. સૌરાષ્ટ્રની કેસર કેરી બાદ હવે બજારમાં કચ્છની કેસર કેરીનું આગમન થશે. કચ્છની કેસર જૂન માસમાં બજારોમાં આવે છે. સૌરાષ્ટ્રની કેસર કેરી કરતાં કચ્છની કેસર કેરીનું ફળ પ્રમાણમાં થોડુંક નાનું હોય છે પરંતુ તેમાં મીઠાશ ઘણી હોય છે.

કેસર કેરી હાલમાં બજારોમાં ખૂબ આવી રહી હોવાથી વસાહતીઓ તેનો સ્વાદ માણી રહ્યા છે. કેસર કેરીની સાથે જ હાલમાં બજારોમાં બદામ, હાફુસ, તોતાપુરી અને દક્ષિણ ગુજરાતની કેરી બજારોમાં જોવા મળી રહી છે.

## આજે મહાનગર ભાજપ દ્વારા તમામ વોર્ડમાં વૃક્ષારોપણ યોજાશે

ગાંધીનગર, તા.૪

ગાંધીનગર મહાનગર ભાજપા મીડિયા વિભાગની અખબારી યાદી જણાવે છે કે, વૃક્ષો ધરતીનું સંગીત છે, ઋતુઓનું સૌંદર્ય છે, વાતાવરણમાં વ્યાપેલી કવિતા છે. વૃક્ષો વિના મનુષ્યજીવનની કલ્પના કરવી અશકય છે. આજના આ સાંપ્રત સમયમાં વૃક્ષોનું ખુબ જ મહત્વ છે ત્યારે ભાજપ સંગઠન દ્વારા દર વર્ષની જેમ આ વર્ષે પણ વૃક્ષોના જતનના સંકલ્પ સાથે આવતીકાલે ૫ જૂન, વિશ્વ પર્યાવરણ દિન નિમિત્તે મહાનગરના તમામ ૧૧ વોર્ડમાં વૃક્ષારોપણ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે. જેમાં શહેર ભાજપા પ્રમુખશ્રી ઋચિર ભટ્ટ, મહામંત્રીશ્રીઓ કનુભાઈ દેસાઈ, ગૌરાંગ પટેલ, ધર્મેન્દ્રસિંહ વાઘેલા સહિત મુખ્ય બોડીના હોદ્દેદારશ્રીઓ, અગ્રણીશ્રીઓ તેમજ સંબંધિત વોર્ડના સંગઠનના પદાધિકારી અને ભાજપા ઉમેદવારશ્રીઓ ઉપસ્થિત રહેશે.

મહાનગર ભાજપા પ્રમુખશ્રી ઋચિર ભટ્ટે સૌ પ્રકૃતિપ્રેમી નગરવાસીઓને વૃક્ષના જતન અને સારસંભાળના સંકલ્પ સાથે એક વૃક્ષ વાવવા માટે વિનમ્ર અપીલ કરી છે. કોરોના મહામારીની પરિસ્થિતિને અનુલક્ષીને વોર્ડના કાર્યક્રમમાં વધુ માં વધુ ૨૫ કાર્યકર્તાઓ જ ઉપસ્થિત રહે તે મુજબની સૂચના ઋચિર ભટ્ટ દ્વારા આપવામાં આવી છે.

## ચિરવિદાય

**● મુકિતધામ ●**

- **સ્વ. પરમાર અરવિંદકુમાર ડાહ્યાલાલ,** ઉ.વ. ૪૯, વાવોલ
- **સ્વ. સોલંકી શૈલેશકુમાર ધુરાજી,** ઉ.વ. ૨૬, અપ્રુજી, જી. ખેડા
- **સ્વ. રામનિવાસ બલવાનસિંહ,** ઉ.વ. ૫૬, સેકટર-૭
- **સ્વ. દવે મનીષ ઘનશ્યામભાઈ,** ઉ.વ. ૫૫, વાવોલ

# વિશ્વ પર્યાવરણ દિવસે ગાંધીનગરવાસીઓ પાટનગરને ફરી 'હરિયાળું શહેર' બનાવવાનો સંકલ્પ લેશે

## આજથી પ્રકૃતિ યુવા સેવા ટ્રસ્ટ અને હેપ્પી યુથ કલબના પ્રોજેકટ 'સેવ ગ્રીન ગાંધીનગર'નો પ્રારંભ : પ્રોજેકટમાં ભાગ લેનાર વૃક્ષારોપણનો સંકલ્પ કરી તેને પાર પાડનાર ગાંધીનગરવાસીને આયોજકો રથયાત્રાના દિવસે 'ઈ-સર્ટિફિકેટ'થી સન્માનિત કરશે

ગાંધીનગર, તા.૪

કોરોના મહામારીએ સમગ્ર વિશ્વને પર્યાવરણનું મહત્વ સુપેરે સમજાવી દીધું છે જેના પ્રતાપે હવે મોટી સંખ્યામાં નાગરિકો પર્યાવરણના જતન માટે ગભીર બની રહ્યા છે. એક સમયે સમગ્ર એશિયામાં ગ્રીનેસ્ટ કેપિટલનું બિરુદ જેને પ્રાપ્ત હતું તેવા ગુજરાતના પાટનગર ગાંધીનગરમાં છેલ્લા કેટલાક વર્ષોથી વિકાસ કાર્યોના પગલે હરિયાળીનો સોથ વળી રહ્યો હોવાની રાવ ઉઠવા પામી રહી છે. આ સંદર્ભે ગાંધીનગરને ફરી હરિયાળું શહેર બનાવવા અને ગ્રીનેસ્ટ કેપિટલનો દરજ્જો ફરી પાછો અપાવવાના પ્રયાસમાં ભાગીદાર થવાના આશયથી શહેરના પર્યાવરણપ્રેમી યુવાનોની સ્વૈચ્છિક સંસ્થાઓ "પ્રકૃતિ યુવા સેવા ટ્રસ્ટ" અને "હેપ્પી યુથ કલબ"ના સંયુક્ત ઉપક્રમે આવતી કાલે તા.૫મી જૂન "વિશ્વ પર્યાવરણ દિવસ" નિમિત્તે પ્રોજેકટ "સેવ ગ્રીન ગાંધીનગર"નો પ્રારંભ કરવામાં આવશે જેમાં જોડાઈને ગાંધીનગરવાસીઓ પોતે નિશ્ચિત કરેલી સંખ્યામાં વૃક્ષારોપણનો સંકલ્પ કરશે અને ગાંધીનગરને ફરી હરિયાળું શહેર બનાવવા પ્રયાસ કરશે.

પ્રોજેકટ "સેવ ગ્રીન ગાંધીનગર"અંતર્ગત આવતીકાલે આયોજકો દ્વારા એક ઓનલાઈન લીંક લોન્ચ કરાશે જેમાં વિશ્વ પર્યાવરણ દિવસને અનુલક્ષીને પ્રત્યેક ગાંધીનગરવાસીને આ પ્રોજેકટમાં જોડાવા માટે જાહેર આમંત્રણ પાઠવવામાં આવશે જેમાં સામેલ થનાર દરેક શહેરીજને તા.૫મી જૂનથી તા. ૩૦મી જૂન સુધી પોતે નિશ્ચિત કરેલી સંખ્યામાં વૃક્ષારોપણ કરવાનો સંકલ્પ લેવાનો રહેશે. પ્રોજેકટ 'સેવ ગ્રીન ગાંધીનગર' ફક્ત ગાંધીનગર પૂરતો મર્યાદિત છે. આ પ્રોજેકટમાં ભાગ લેનારે જેટલાં વૃક્ષોનું વાવેતર કરવાનો સંકલ્પ લીધો હોય તેટલા વૃક્ષોના છોડ મેળવવા આયોજકોની મદદ કરશે. સંકલ્પ લેનારે વૃક્ષારોપણ કરવા માટે પોતાની પસંદગીની જગ્યાએ મોડામાં મોડુ તા.૩૦મી જુન સુધીમાં વૃક્ષારોપણ કરીને તેની સાથેનો પોતાનો એક સેલ્ફી પ્રોજેકટ કોઓર્ડિનેટરના મોબાઈલ નંબર પર વ્હોટ્સએપથી પોતાના નામ સાથે મોકલી આપવાનો રહેશે. આ વૃક્ષારોપણનું આયોજકો દ્વારા મૂલ્યાંકન કરી ખરાઈ કરાયા બાદ જો ભાગ લેનારને આગામી તા.૧૨મી જુલાઈ "રથયાત્રા"ના પવિત્ર દિવસે "ઈ-સર્ટિફિકેટ"થી સન્માનિત કરવામાં આવશે. આ પ્રોજેકટમાં વધુ માહિતી માટે પ્રોજેકટ કો-ઓર્ડિનેટર વાઈલ્ડ લાઈફ એક્ટિવિસ્ટ કલ્પેશ જોશીનો મો. નં. ૯૪૨૭૦૫૧૩૫૨ છે જેના પર સંપર્ક સાધી શકાશે. પ્રોજેકટ "સેવ ગ્રીન ગાંધીનગર"માં ભાગ લેવા માટે આયોજક સંસ્થાઓ "પ્રકૃતિ યુવા સેવા ટ્રસ્ટ" અથવા "હેપ્પી યુથ કલબ"ના ફેસબુક પેજ કે ઈન્સ્ટાગ્રામ પેજ પર આપેલ લીંક ઓપન કરીને સંકલ્પ પત્ર ભરી શકશે તેવું સંસ્થાની અખબારી યાદીમાં જણાવાયું છે. આ પ્રોજેક્ટને ગાંધીનગર જિલ્લા વન વિભાગ ઉપરાંત શહેરની વિવિધ સંસ્થાઓ જેવી કે ગાંધીનગર શહેર વસાહત મહામંડળ, ગાંધીનગર શહેર વસાહત મહાસંઘ, "ગાંધીનગર ચમકાવવું છે" ગૃપ, પ્રકૃતિ રક્ષા અભિયાન તેમજ મા એનિમલ ફાઉન્ડેશનનો સહયોગ પ્રાપ્ત થયો છે.

# કોરોના 'વોર્નિંગ બેલ' વાગ્યો 'પર્યાવરણ પ્રત્યે કર્તવ્યનું પાલન કરો'

## આજે વિશ્વ પર્યાવરણ દિવસે કોવિડ-૧૯ પછીની શહેરની પર્યાવરણ સ્થિતિ અંગે મૂલ્યાંકન સરકારે ભવિષ્યમાં કાપવા ના પડે તે રીતે વૃક્ષો વાવવાનું આયોજન કરવું જોઈએ

ગાંધીનગર, તા.૪

**ગાંધીનગરમાં તા. ૫મી જૂને 'વિશ્વ પર્યાવરણ દિવસ' ઉજવાશે, કોરોના મહામારીના સમયગાળમાં આવેલો આ બીજો પર્યાવરણ દિવસ છે. કોરોના અગાઉ અને કોરોના બાદમાં પર્યાવરણમાં નોંધપાત્ર પરિવર્તન નાગરિકો અનુભવી રહ્યા છે અને તે સાથે પર્યાવરણના જતનના મહ્ત્વને ગંભીરતાથી સ્વીકારતા થઈ રહ્યા છે. એક સમયે 'ગ્રીનેસ્ટ કેપિટલ' ની ઓળખ ધરાવતું હરિયાળું પાટનગર વિકાસના નામે આડેધડ રીતે વૃક્ષોના નિકંદનની નીતિ-રિતી સામે લડી રહ્યું છે, કોરોનાએ નાગરિકોને તો જગાડી દીધા છે પરંતુ સરકારી તંત્રના બ્હેરાં કાને આ 'વોર્નિંગ બેલ' કયારે સંભળાશે? કોવિડ-૧૯ના આગમન પછી હવે પર્યાવરણની સ્થિતિ અને પર્યાવરણ દિવસના મહત્વ અંગે શહેરના આ ક્ષેત્રે કાર્યરત કેટલાંક અનુભવીઓ-યુવાએ પાસેથી જાણવા ગાંધીનગર સમાચારે પ્રયાસ કર્યો છે જે અત્રે પ્રસ્તુત છે.**

●●●



કોરોના મહામારી તો હવે આવી પરંતુ આપણે તે પહેલાં પર્યાવરણનો સોથ વાળ્યો છે, એક સમય હતો જયારે અમદવાદથી ગાંધીનગર આવતી શહેરી બસ જયારે વિસત પેટ્રોલપંપથી વળીને ગાંધીનગર તરફ આગળ વધતી ત્યારે જ તાપમાનમાં દસેક ડિગ્રીનો તફાવત અનુભવાતો હતો. હવે તો શહેરનો વિકાસ એવો કર્યો છે કે અમદાવાદ-ગાંધીનગરના તાપમાનમાં ઝાઝો ફર્ક રહ્યો નથી. વસ્તી વધી, નાગરિકોએ વાહનો ખરીદ્યા એટલે વાહનવ્યવહાર પણ વધ્યો અને વૃક્ષો કપાતા ગયાં, એક સમયે ગાંધીનગરમાં ૩ કરોડ જેટલાં વૃક્ષો હતા અને હવે અંદાજે ૧ કરોડ જેટલાં જ વધ્યાં છે. ખરેખર તો સરકારે ભવિષ્યને ધ્યાનમાં રાખીને એ રીતે રોડ સાઈડ વૃક્ષોનું વાવેતર કરવું જોઈએ જેથી તેને કાપવા ના પડે, વન વિભાગે પણ કેટલીક એવી જગ્યાઓ શોધી વૃક્ષો ઉછેરવા જોઈએ જયાં ભવિષ્યમાં વિકાસ કાર્યો આડા ના આવે.

**- અરૂણભાઈ બુચ**
**પ્રમુખ, ગાંધીનગર શહેર વસાહત મહામંડળ**

●●●



ગાંધીનગર શહેર સમગ્ર વિશ્વમાં પર્યાવરણની દષ્ટિએ અગ્રીમ હરોળમાં સ્થાન ધરાવતું હતું અને 'ગ્રીનસિટી' તરીકે ઓળખાતું હતું પરંતુ ધીરે ધીરે વિકાસના ઓથા હેઠળ વૃક્ષોનું નિકંદન કાઢી નાંખવામાં આવ્યું. વૃક્ષોના કારણે મળતાં ઓકિસજનની માત્રામાં પણ ઘટાડો થયો અને કોરોના મહામારીમાં તેની સ્પષ્ટ અસર નાગરિકોના આરોગ્ય પર વર્તાઈ. વૃક્ષ એ માનવીનું જીવન છે, રાષ્ટ્રની સંપત્તિ છે જેને જાળવવાની જવાબદારી સરકારની છે. આ વિશ્વ પર્યાવરણ દિવસે સંકલ્પ કરીએ અને વૃક્ષો વાવીએ તેમજ જે વૃક્ષો છે તેને બચાવીએ. જે નવા વૃક્ષો વાવીએ તેનું જતન કરીને તેને ઉછેરીએ તોજ આજની ઉજવણી લેખે લાગશે.

**- કેશરીસિંહ બિહોલા**
**પ્રમુખ, ગાંધીનગર શહેર વસાહત મહાસંઘ**

●●●



પર્યાવરણ સંરક્ષણ એ કોઈ રોકેટ સાયન્સ નથી, કોઈ પણ વ્યકિત પોતાની રોજબરોજની ટેવોમાં થોડો ફેરફાર કરીને આ કાર્ય કરી શકે છે. માત્ર વૃક્ષો ઉછેરીને જ નહીં પરંતુ પાણીનો ખપ પુરતો જ ઉપયોગ કરીને, પ્લાસ્ટિક ઓછામાં ઓછું વાપરીને, તેનો યોગ્ય રીતે નીકાલ કરીને, ઈલેકટ્રીસિટી કે અન્ય બળતણનો વ્યય નહીં કરીને વગેરે રીતે કોઈ પણ વ્યકિત પર્યાવરણ સંરક્ષણ કરી શકે અને જો પૃથ્વી પર જીવન ટકાવી રાખવું હશે તો સહુએ તે કરવું જ પડશે. આજના વિશ્વ પર્યાવરણ દિવસ નિમિત્તે એટલું જ કહીશ કે 'ગો ગ્રીન બાય હાર્ટ.'

**- અંજના નિમાવત**
**વાઈલ્ડ લાઈફ વોર્ડન, ગાંધીનગર**

●●●

કોવિડ-૧૯ પછી સમગ્ર વિશ્વમાં પ્લાસ્ટિક અને તબીબી કચરામાં નોંધપાત્ર વધારો થયો છે. કોવિડ-૧૯ની સમાજ પર કેટલીક નકારાત્મક અસરો હોવા છતાં પર્યાવરણ પર થોડીક હકારાત્મક અસર પડી છે. કોરોના મહામારી પહેલાં વાયુ પ્રદૂષણ વિશ્વ માટે મોટી ચિંતા હતી જેના કારણે જ 'વર્લ્ડ એન્વાર્યમેન્ટ ડે-૨૦૧૯'ની થીમ 'એર પોલ્યુશન' હતી પરંતુ કોવિડ-૧૯ પછી હવાની ગુણવત્તામાં નોંધપાત્ર સુધારો થયો છે. લોકડાઉનના કારણે ઉદ્યોગો બંધ રહેવાથી



ગ્રીનહાઉસને અસર કરતા વાયુઓ અને જળ પ્રદૂષણમાં ઘટાડો થયો છે. દરેક વ્યકિતએ આ બાબતોને પોઝિટીવ અભિગમથી લઈને રોગચાળાને કાબૂમાં લેવા સાથે પર્યાવરણને બચાવવા પ્રયાસ કરવો જોઈએ.

**- કક્ષા સોની**
**યુવા પર્યાવરણ વિજ્ઞાની**

●●●

છેલ્લા ઘણા વર્ષોથી આપણે વિશ્વ પર્યાવરણ દિવસની ઉજવણી કરતા આવીએ છીએ છતાં હજુ પણ આ અંગે ઘણી અજ્ઞાનતા પ્રવર્તે છે તેમજ અનેક પ્રશ્નાર્થ છે.

છેલ્લા દોઢ વર્ષના સમયગાળામાં કુદરતે સમજાવી દીધું છે કે પર્યાવરણને નુકશાન કરીને આપણે કઈ પરિસ્થિતિનું નિર્માણ કર્યું છે? આ પરિસ્થિતિ આપણા માટે 'વોર્નિંગ બેલ' સમાન છે આપણે હવે પર્યાવરણ પ્રત્યેના કર્તવ્યનું પાલન કરીને આપણી ફરજ નિભાવીએ, પર્યાવરણને બચાવીએ. આ માટે



વધુમાં વધુ વૃક્ષારોપણ કરીએ અને વિશ્વ પર્યાવરણ દિવસની ઉજવણીને સાર્થક બનાવીએ.

**- કલ્પેશ જોશી**
**વાઈલ્ડ લાઈફ એક્ટિવિસ્ટ**

●●●

વિશ્વ પર્યાવરણ દિવસ...!! ખરેખર કોરોના મહામારીમાંથી કંઈ શીખવા મળ્યું? લોકડાઉનમાં વ્હોટસએપ મેસેજમાં વાંચ્યુ કે માનવી ઘરમાં છે અને કુદરત પોતાને હીલ કરી રહી છે અને આ વાત કેટલેક અંશે સાચી પણ છે કેમકે પર્યાવરણના સૌથી મોટા દુશ્મન આપણે જ બની બેઠાં છીએ. વિકાસની શોધમાં કંઈક નવું પામવાની ઈચ્છામાં જે છે તે પણ ગુમાવી રહ્યા છીએ. જો કે કોરોનાએ સૌને અહેસાસ કરાવી દીધો જ છે કે પર્યાવરણનું જતન કેટલું મહત્વનું છે. આજે માત્ર ફોટો



કિલક કરવા માટે નહીં પરંતુ ખરેખર ઉછેરવા માટે વૃક્ષ વાવીએ. આપણી સતત દોડતી જીંદગીમાં કુદરત સાથે છેડછાડ ના થાય તે જરૂરી છે, નહીંતર આપણો વિનાશ બહુ દૂર નહીં હોય.

**- હિરેન ચૌહાણ**
**કારોબારી સભ્ય, હેપ્પી યુથ કલબ**

## જન્મદિને વધામણી



સ્મિતા શાહ



સુનિતા વી જોષી
મો. ૯૧૫૭૦૭૮૯૬૬




રાઓલ દિગ્વિજયસિંહ
રેડક્રોસ




નીતિન એન. પટેલ
મો. ૯૫૫૮૫ ૮૨૦૬૮



હર્ષ મુકેશભાઈ પટેલ
મો. ૯૯૯૮૭ ૪૫૪૧૦



શિવમ રાજુભાઈ શર્મા
મો. ૯૯૨૫૪ ૩૫૩૦૪



અનમોલ બી. દવે



નટવર હેડાઉ



આત્મારામ ખત્રી
વાઈસ પ્રેસિડન્ટ સિંધી પંચાયત, ગાંધીનગર